મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૭ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરના ફૂટપાથ બન્યા પીધેલાઓના શયનખંડ

## નાગરિકો માટે વોકિંગની સુવિધાયુકત ફૂટપાથો પર દિનદહાડે નશામાં ચકચૂર દારૂડિયો આરામના મૂડમાં : શિક્ષિત સમાજમાં શરમજનક દશ્યો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરને શિક્ષણની નગરી તરીકે ઓળખવામાં આવે છે જયાં શિક્ષિત માણસોનું પ્રમાણ પણ વધારે છે ત્યારે આ શિક્ષિત સમાજની સાથે સાથે એક એવો સમાજ પણ છે જે મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. નાના નાના વેપાર ધંધા કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આવા પરિવારોમાંથી કેટલાક માણસો જે કમાણી કરે છે તે નશાખોરીમાં વેડફીને જીવન બરબાદ કરવા તરફ વળી રહ્યા છે. જેઓ પોતાના સંતાનો કે પરિવારનો વિચાર સુધ્ધા કર્યા નગર નશાખોરીના રવાડે જોવા મળે છે.

ગાંધીનગરમાં સેકટર-૧ના ફૂટપાથ પર નશામાં ધૂત એક વ્યકિત સવાર સવારમાં નશામાં ચકચૂર હાલતમાં પડી રહેલો છે. જે ફૂટપાથ ઉપરથી પસાર થતા મોર્નીંગ વોકર્સને તેમાં પણ સિનિયર સિટિઝનોને સવારે નશામાં વચ્ચોવચ નડતરરૂપ બની ગયો હતો ત્યારે આ દશ્યો જોતા પોલીસની કાર્યવાહી સામે પ્રશ્નો ઉઠે છે કે નશાખોરીને ડામવાના કિસ્સાઓ કયારે બંધ થઈ શકશે. દારૂબંધી હોવા છતાં દારૂડિયાઓ ખુલ્લે આમ નશામાં ચૂર બનીને શહેરમાં આ રીતે જોવા મળે છે જેને પોલીસતંત્રની કોઈ બીક જેવું છે જ નહીં જો કે સેકટર-૧૩ના છાપરામાં અને ફૂતપાથ પર આવા



દશ્યો અવારનવાર જોવા મળતા રહે છે. રોજબરોજ દારૂ પણ પકડાય છે. નશાખોરી દિન પ્રતિદિન વધી રહી છે. આ દશ્યો સભ્ય સમાજમાં રહેતા નાગરિકો માટે નીંદનીય છે. સમાજમાં નશાયુકત પીણાં પીતા આ માણસો પોતાના પરિવારને હેરાનગતિ સિવાય કંઈ આપી શકતા નથી. ગાંધીનગરમાં પોલીસ તંત્ર દ્વારા નશામુકિત માટે અવાર નવાર અભિયાનો કરવામાં આવી રહ્યા છે. તેમ છતાં ગાંધીનગરમાં નશાયુકત નબીરાઓ આ રીતે ફૂટપાથ પર પડી રહેલા જોવા મળી રહ્યા છે. પીધેલા માણસો દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. શહેરમાં આવા અસામાજિક તત્વોથી રાત્રિ દરમિયાન વિસ્તારમાં અવર જવર કરવી મુશ્કેલીરૂપ બની જાય છે. નાગરિકોને અવરજવર કરવા માટે શહેરમાં ફૂટપાથની વ્યવસ્થાઓ કરાઈ છે જેમાં આવા નશેડીઓ નશામાં ચકનાચૂર હાલતમાં આરામ ફરમાવી રહ્યા છે તેમ છતાં કોઈ કાર્યવાહી થતી નથી. સૂત્રોના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં ખુલ્લેઆમ દેશીદારૂની હેરાફેરી થતી રહે છે તેમ છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. મજૂરી કરતા માણસો દિવસની કમાણી જે કરે તે માત્ર દારૂમાં વેડફી દેતા પરિવારના સભ્યોને બે ટાઈમ ખાવાના ફાંફાં થઈ જાય છે. દારૂબંધીના અહીંયા લીરેલીરા ઉડી રહ્યા છે. શહેરમાં પોલીસ પેટ્રોલિંગ થવા છતાં આ નબીરાઓ પીધેલી હાલતમાં માર્ગોની આસપાસ જોવા મળે છે જે શિક્ષણની નગરીમાં શરમજનક દશ્ય છે.



લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા ડોકટર્સ ડે નિમિત્તે કલબના સભ્યો દ્વારા ડોકટર્સને સન્માન, ગીફટ, ચોકલેટ રબરૂ જઈને આપવામાં આવી હતી અને ડોકટર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

## બીએપીએસ સંસ્થાના મંડળો દ્વારા મહિલા પારાયણની ઉજવણી



ગાંધીનગર, તા.૩

બીએપીએસ સંસ્થાના ગાંધીનગર ક્ષેત્ર -૧ના મંડળો દ્વારા ઉજવાયેલ મહિલા પારાયણમાં આયોજનમાં આ વર્ષે અનેરો આનંદ-ઉત્સાહ સાથે ભકિતભાવ છલકાયો જોવા મળ્યો હતો. પ્રમુખસ્વામી શતાબ્દી નિમિત્તે દરેક મંડળે સુંદર પોથીયાત્રા કાઢી હતી. હરિભકતોના ઘેર પોથી પધરામણી થઈ હતી. શતાબ્દી નિમિત્તે ઉજવાઈ રહેલા આ વર્ષે પારાયણની શરૂઆતમાં મહાપૂજા કરાઈ હતી. પ્રમુખસ્વામીના એકતા, મહિમા અને સેવા જેવા ગુણો વિષયક કથા નિરૂપણ થયા હતા. દરેક મંડળમાં ખૂબ મોટી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહી શ્રીજી મહારાજ સહિત ગુણાતીત પરંપરાના ચરણે ભકિત અર્ધ્ય અર્પણ કર્યું હતું.


## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં પેરેન્ટ્સ- ટીચર મીટીંગ યોજાઈ



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં શાળાના વિઝન, મિશન, અભ્યાસક્રમ તથા શૈક્ષણિક પદ્ધતિઓ વિશે માહિતગાર કરવા પેરેન્ટ્સ ટીચર મીટીંગ રાખવામાં આવી હતી. વાલીઓને બાળકોના અભ્યાસ માટે ઉદ્ભવતા દરેક પ્રશ્નોનું નિરાકરણ લાવવા તથા વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે અને ગૌરવપૂર્ણ ભવિષ્ય માટે જે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. શાળા દ્વારા લેવાતી પરીક્ષા, પ્રોજેકટ, વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ તથા અભ્યાસક્રમ વગેરે વિશે વાલીઓને વિગતવાર સમજાવવામાં આવ્યું હતું. જેમાં વાલીઓ એ સમયસર હાજર રહી અને ખૂબ જ સહકાર આપ્યો હતો.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર નગરજનોનું સન્માન

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર નગરજનો કે જેમણે વર્ષ ૨૦૨૧-૨૨માં પ્રમાણિકતા ક્ષેત્રે, રમતગમત ક્ષેત્રે, કેળવણીક્ષેત્રે, સાહસ-શૌર્ય ક્ષેત્રે કેઅન્ય ક્ષેત્રોમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરી હોય તેની સંપૂર્ણ માહિતી આધાર પુરાવા સાથે તારીખ ૩૦-૭-૨૨ સુધીમાં સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ કાર્યાલય પ્લોટ નં. ૭૯૦/એ/નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ ગાંધીનગર ખાતે મંગળ, ગુરુ અને શનિવારે સાંજે ૬થી ૭ કલાક દરમિયાન રૂબરૂ આપી જવી. મુદત વીત્યા બાદ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ઓગષ્ટ ૨૦૨૨ની માસિક સભામાં નગરજનોનું સન્માન કરવામાં આવશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.




માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા 'જોડાક્ષર વિચાર' વિષય અંતર્ગત માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહનું વ્યાખ્યાન શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય ખાતે યોજાયું હતું. જેમાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ન્યાસીઓ, ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો તેમજ શિક્ષકો અને નગરના સૌ ભાષાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા દર મહિને ભાષાસજજતા વિકસાવવા માટે આ પ્રકારની કાર્યશાળાનું આયોજન કરવામાં આવે છે.

# 'મારે તો હજુ ઘણું રમવું છે અને ઘણું જીતવું છે..!!'

## અત્યંત વિષમ શારિરીક ખોડખાંપણ સાથે જન્મેલાં દિવ્યાંગ બાળકને નિહાળી પિતાએ કહ્યું 'ઈશ્વરે આ બાળકના ઉછેર માટે આપણને યોગ્ય ગણ્યાં છે' : અનેક પરિસ્થિતિઓનો સામનો કરીને બાળકને સર્જરીઓ અને તાલીમના સહારે ઉછેર્યો જેણે તાજેતરમાં સ્પેશિયલ ઓલિમ્પિકસમાં રાજ્યકક્ષાએ મેડલ જીત્યો ત્યારે તેના પિતાને કોરોનાએ છીનવી લીધાં હતાં




ગાંધીનગર, તા.૩

આપણે જાણીએ છીએ કે જ્યારે કોઈ પરિવારમાં બાળકનો જન્મ થાય છે ત્યારે તે પરિવારમાં કેવો ખુશીનો માહોલ છવાય છે અને તે બાળકના મા-બાપના હૈયે તો જાણે આનંદનો મહાસાગર હિલોળાં લેવા લાગે છે. જોકે કેટલાંક મા-બાપ એવાં પણ હોય છે કે તેમના ખોળે બાળક જન્મે ત્યારે તેને જોઈને ઈશ્વરને સવાલ કરી બેસે છે કે 'અમારી સાથે આવું કેમ?'. ખાસ કરીને જ્યારે જન્મથી જ કોઈ ખોડખાંપણ ધરાવતું દિવ્યાંગ બાળક જન્મે ત્યારે આ પરિસ્થિતિ સર્જાય છે. જોકે કોઈપણ પરિસ્થિતિમાં મા-બાપની નજરે તો તેનું બાળક દુનિયાનું સૌથી શ્રેષ્ઠ બાળક જ હોય છે અને તેમના પ્રેમમાં કોઈ કચાશ નથી રહેતી હોતી. ગાંધીનગરના કુડાસણ ખાતે રહેતો શુભ પટેલ નામનો યુવાન એક એવા જ બાળક તરીકે જનમ્યો હતો જેને નિહાળતાં જ સૌ કોઈ પોતાના હૃદયનો ધબકારો ચુકી ગયાં હતાં પરંતુ આજે એજ બાળકે દિવ્યાંગજનો માટે રમાયેલા સ્પેશિયલ ઓલિમ્પિકમાં રાજ્યકક્ષાએ 'બોસી' રમતમાં ગોલ્ડ મેડલ વિનર છે અને તે કોરોના મહામારીની બીજી લહેરમાં થયેલા તેના પિતાના સ્વર્ગવાસ પછી માતાને મદદરૂપ થવા માટે પિતાની દુકાન પણ સંભાળે છે એટલું નહીં હજુ પણ તેનો જુસ્સો એવો છે કે તે કહે છે કે 'મારે તો હજુ ઘણું રમવું છે અને ઘણું જીતવું છે.'

ગાંધીનગરના સેક્ટર-૨૬ ખાતે રહેતા વિજાપુર તાલુકાના મહાદેવપુરા ગામના વતની નટવરભાઈ પટેલ અને તેમના પત્નિને પહેલાં ખોળે પાંચ વર્ષનો મૃગેશ નામનો દિકરો હતો ત્યારે આશાબેનને બીજી ગર્ભાવસ્થાના નવમા માસના પ્રારંભે જે સંતાનનો જન્મ થયો તે સમયે તેમની અપેક્ષા દિકરી જન્મે તેવી હતી પરંતુ જનમ્યો દિકરો અને તે પણ એવો કે તેને પહેલી નજરે નિહાળતાં જ કોઈ પણ વ્યક્તિ ડરી જાય કેમકે તેને કપાળ જ નહોતું, તેની આંખોના ડોળા પણ બહારની તરફ વધુ પડતાં લચી પડેલાં હતા, મોઢાંના જડબાંમાં તકલીફ હતી, તાળવામાં કાણું હતું, હાથ-પગની આંગળીઓ એકબીજા સાથે ચોંટેલી હતી અને પગના પંજા નીચેની તરફ વળેલાં હતાં. માતા આશાબેન તેને પોતાનું ધાવણ પણ આપી શકતાં નહોતા કેમકે તેનું તાળવું કાણું હોવાથી તેના ધાવણ તેન શ્વાસમાં જતું રહેતું હતું જેથી તેને બહારનું દૂધ પાતળું કરીને ચમચી વડે સાચવીને પીવડાવવું પડતું હતું અને આંખો પણ હાથેથી બંધ કરી આપવી પડતી હતી. બાળકના આવા બિહામણા સ્વરૂપને પગલે કોઈ સ્વજનો પણ બાળકને જોવાં આવ્યાં નહોતાં ત્યારે નાસીપાસ થયેલાં આશાબેનને તેમના પતિ નટવરભાઈએ હિંમત આપતાં કહ્યું હતું કે 'ઈશ્વરે આ બાળકના ઉછેર માટે આપણને યોગ્ય ગણ્યાં છે એટલે આપણાં માટે આ બાળકથી વધુ શુભ કંઈ જ નથી'. આમ કહેવા સાથે તેમણે બાળકનું નામ પણ 'શુભ' જ રાખી દીધું અને તે સાર્થક પણ થયું કેમકે તેમની આર્થિક સંકડામણ ભરેલી મધ્યમવર્ગીય જીંદગીમાં 'શુભ'ના આગમન પછી આર્થિક ઉન્નતિ થવા લાગી હતી. શુભને જે તકલીફ હતી તેનું તબીબોએ 'એપર્ટ સિન્ડ્રોમ' તરીકે નિદાન કર્યુ જે હાડકાંઓની અસમતુલાનો એક જેનેટિક ડિસઓર્ડર છે અને આ બાળકને સારવાર અપાવી સારી રીતે ઉછેરવાનો નિર્ધાર કરી ચુકેલાં આ દંપતિએ હોસ્પિટલો અને તબીબોની પાછળ દોડવાનું શરૂ કરી દીધું.

શુભના જન્મ પહેલાં નટવરભાઈ મિકેનિકલ ફીટર તરીકે જીઆઈડીસીમાં ખાનગી કંપનીમાં નોકરી કરતાં હતાં અને સમયાંતરે કંપનીઓ બદલવી પડતી હતી. શુભના આગમન બાદ ટૂંક જ સમયમાં તેમણે નોકરી છોડીને કુડાસણ ખાતે નાના દિકરાના નામથી જ 'શુભ ઈલેક્ટ્રોનિક્સ'ના નામથી પોતાની દુકાન શરૂ કરી હતી જે સારી રીતે ચાલવા લાગતાં તેમની આર્થિક સંકડામણ પણ હળવી થવાં લાગી હતી. જોકે શુભને શક્ય હોય તેટલી યોગ્ય સારવાર આપીને તેના પગ પર ઉભો કરવો તેજ તેમનો ધ્યેય હતો જે માટે પૈસો પાણીની જેમ વપરાતો હતો. આ માટે તેમણે ગાંધીનગર-અમદાવાદથી માંડીને અનેક શહેરોના અસંખ્ય તબીબોનો સંપર્ક કર્યો હતો અને આ દરમ્યાન તેમને વડોદરા ખાતે એક અમેરિકન ડો.જેકસનનો કેમ્પ યોજાયો હોવાની માહિતી મળતાં તેને બતાવ્યું હતું. ડો. જેકસને તેમને શુભની બે થી ત્રણ સ્ટેજમાં સર્જરીઓ કરવી પડશે તેવું નિદાન કર્યુ હતું અને તાત્કાલિક પહેલી સર્જરી પણ કરવામાં આવી હતી. શુભની સારવાર માટે નટવરભાઈને તેમની ગામની જમીન અને ગાંધીનગરનું મકાન પણ વેચી દેવું પડ્યું અને તેઓ સેક્ટર-૧૪માં ભાડે રહેવા લાગ્યાં હતાં. થોડાક વર્ષ પછી બીજી સર્જરી કરાઈ અને તે સર્જરી બાદ તુરંત શુભને મેનજેન્ટાઈસ થઈ જતાં



ખૂબ તાવ આવ્યો જેમાં બે-ત્રણ વાર ખેંચ આવી જતાં ૧૮ કલાક સુધી બેભાન રહ્યો હતો. આજે પણ શુભને તાવ આવે તો તેને ખેંચ ના આવી જાય તે માટે તેની માતા આશાબેનને આખી રાત જોડે બેસીને પોતાં મુકવાં પડે છે કેમકે શુભના ચહેરાથી માંડીને પગના તળીયાં સુધીમાં અનેક પ્લેટ્સ અને સળીયા નાંખેલાં છે.

આંખો-ચહેરાંથી માંડીને હાથ-પગની આંગળીઓ સુદ્ધાંની સર્જરીના સહારે અને માતા-પિતાની સારસંભાળ સાથે શુભ મોટો થતાં તેને અમદાવાદની દિવ્યાંગ બાળકો માટે જાણીતી બી.એમ.ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ કરવામાં આવ્યો અને દરરોજ તેને લઈને માતા અપડાઉન કરતાં હતાં. એક સમયે જેને હાથેથી ગ્લાસ પણ પકડાતો નહોતો અને પાણી પીવું હોય તો માટલાં જોડે જઈને ટકોરા મારતો શુભ ચિત્ર સ્પર્ધામાં પણ ભાગ લેવા લાગ્યો અને ઈનામ જીતી લાવતો હતો. જરૂરી તમામ કસરત, દવાઓ તથા સર્જરીને કારણે શુભનો શારીરિક તેમજ માનસિક વિકાસ ખૂબ સારો થવા લાગ્યો હતો. તેને ગાંધીનગરમાં દિવ્યાંગ બાળકોને તાલીમ આપતાં હેત ફાઉન્ડેશનના મીરાં ગઢવીની પણ તાલીમ હેઠળ મુકવામાં આવ્યો હતો. શુભ તેની આ શાળામાં રમતગમતમાં પણ રસ લેવા લાગ્યો અને ૧૪ વર્ષની વયે તેણે સ્પેશિયલ ઓલિમ્પિકસમાં ભાગ લેવાનું શરૂ કરી દીધું અને તે દિવ્યાંગ બાળકોના કોચ જીગ્નેશ રાવલની તાલીમ હેઠળ એથ્લેટિક્સ, ટેબલ ટેનિસ અને બોસી નામની રમત જેમાં લાકડાંના મોટા ગોળાઓને દૂર પડેલી એક સફેદ દડીની નજીક પહોચાડવાના હોય છે તેમાં વિવિધ કક્ષાએ સ્પર્ધાઓ જીતવા લાગ્યો હતો. આ દરમ્યાન નટવરભાઈએ દુકાન નજીક કુડાસણ ખાતે સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧માં પોતાનો ફ્લેટ પણ ખરીદી લીધો હતો.

શુભને તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ખુબ જ પ્રિય હતા અને તેમના જન્મદિવસ નિમિત્તે કોઈ પણ નાની મોટી ગિફ્ટ લઈને અચૂક રૂબરૂ મળવા પંહોચી જતો અને એકવાર તો નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી કાર્યાલયમાં તેના પરિવાર સહિત અંગત મુલાકાત આપી અને શુભને પોતાના ખોળામાં બેસાડ્યો હતો. આ પછી વર્ષ ૨૦૦૮માં જ્યારે પહેલીવાર કાંકરિયા કાર્નિવલમાં તેમાં 'અટલ એક્સપ્રેસ'ના ઉદઘાટન વખતે શુભ શાળામાંથી સ્વામી વિવેકાનંદ બનીને ગયો હતો જેને ટોળામાં જોઈને નરેન્દ્ર મોદીએ નામથી બુમ પાડીને બોલાવતાં સૌ કોઈ ચોંકી ગયાં હતાં.

જોકે સમય આ પરિવારની હજુ ઘણી કસોટી લેવા માંગતો હતો તે કોને ખબર હતી. બીસીએ કર્યા બાદ મૃગેશ આઈટીના ઉચ્ચ અભ્યાસ માટે ન્યુઝિલેન્ડ ગયો અને થોડા સમયમાં બીજી તરફ કોરોના મહામારીનું આગમન થયું જેની બીજી લહેરમાં નટવરભાઈ સપડાઈ ગયાં. નરોડા ખાતે મોટી ખાનગી હોસ્પિટલમાં દાખલ નટવરભાઈને ૧૪ દિવસ દરમ્યાન આઈસીયુમાં રાખવા પડ્યાં અને તેમને રેમડેસિવિર ઈન્જેકશન માટે આશાબેન ઝાયડસ હોસ્પિટલની લાઈનમાં ઉભા રહીને લઈ આવ્યાં હતાં. અઢળક ખર્ચા બાદ પણ નટવરભાઈ બચી શક્યાં નહીં અને પરિવારના માથે જાણે આફતનો પહાડ તુટી પડ્યો. તેમના ગયાં બાદ દુકાનના ચોપડે જેના ઉધાર દેખાતાં હતા તેમણે ગલ્લાંતલ્લાં શરૂ કરી દીધાં અને બીજી તરફ ઉઘરાણીવાળા રોજ આવીને પૈસા માંગવા લાગ્યાં અને મકાન તો બેંકની લોનમાં ગીરવી જ હતું. માતા આશાબેને દુકાન સંભાળી અને આ સમયે યુકેના વીઝા ખુલતાં મૃગેશે તક ઝડપી અને યુકે પહોચી ગયો જ્યાં અભ્યાસ સાથે ૨૦ કલાક કામ કરીને માતાને મદદરૂપ થવા લાગ્યો. આ દરમ્યાન શુભને પણ પોતાની જવાબદારી સમજાતી હતી અને તે પણ દુકાને બેસવા લાગ્યો. આ સાથે તેણે રમત તો ચાલુ જ રાખી અને સ્પેશ્યલ ઑલિમ્પિકમાં બોસી રમતમાં રાજ્યકક્ષાએ ગોલ્ડમેડલ જીત્યો એટલું જ નહીં પરંતુ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તાજેતરમાં યોજાયેલા હેલ્થ ફેસ્ટમાં પણ તેણે ભાગ લીધો હતો. શુભ મોબાઈલ અને કોમ્પ્યૂટર ચલાવી જાણે છે, ઈમેલ કરી લે છે તેમજ બેંકમાં જઈને ચેક પણ ભરી આવે છે. સામાન્ય બાળકની જેમ ફરી અસામાન્ય રીતે તે પોતાની માતાને મદદરૂપ થઈ રહ્યો છે તેમ છતાં હજુ પણ તે રમતમાં પણ આગળ વધવા પણ કટિબદ્ધ છે.ખરેખર સલામ છે તેની જિંદાદિલીને.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

## જન્મદિને વધામણી



પ્રકાશભાઈ પંડ્યા
મો. ૯૮૨૫૮ ૫૪૩૦૦



યુસુફખાન જે. પઠાણ
મો. ૯૮૯૮૦ ૯૭૮૪૩



ઝરણાબેન કે. ભાવસાર
મો. ૯૮૨૪૯ ૭૨૫૦૨



હર્ષ વિનોદ ઉદેચા



મેઘા પ્રિયદર્શી



ખુશી મયુરકુમાર રાઠોડ
મો. ૯૯૨૪૭ ૯૪૯૬૨



ખુશ મયુરકુમાર રાઠોડ
મો. ૯૯૨૪૭ ૯૪૯૬૨



પાર્થ એસ બારોટ
રેડક્રોસ ગાંધીનગર
મો. ૭૩૫૯૫ ૨૩૫૧૫



મનન ભાવસાર

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. થાનકી કેદાર ગુણવંતરાય, ઉ.વ. ૫૧, સેકટર-૭
- સ્વ. વણઝારા કમુબેન ઓખાજી, ઉ.વ. ૫૦, સે-૧૪, ગોકુલપુરા